પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૪૪ | ૨૫ એપ્રિલ, ૨૦૧૯, ગુરૂવાર; ચૈત્ર વદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# રાજ્યમાં ૬૪.૧૧ ટકા વિક્રમી મતદાન

## ચૂંટણી પંચ દ્વારા સત્તાવાર આંકડા જાહેર કરાયા : વલસાડમાં સૌથી વધુ ૭૫.૨૧ ટકા મતદાન : બારડોલી, ભરુચ, છોટાઉદેપુરમાં ૭૦ ટકાથી ઉંચુ મતદાન નોંધાયું : અમરેલીમાં સૌથી ઓછુ ૫૫.૭૫ ટકા મતદાન



અમદાવાદ, તા. ૨૪

ગુજરાતમાં લોકસભાની ચૂંટણી માટે ગઈકાલે ૨૩મી એપ્રિલના દિવસે મતદાન થયું હતું. મતદાનને લઈને પ્રથમ દિવસે આંકડાઓ મામલે ભારે ચર્ચા રહી હતી. આજે બુધવારના દિવસે ચૂંટણી પંચે સત્તાવાર આંકડા ગુજરાતમાં લોકસભાની તમામ ૨૬ સીટ પર ક્યાં કેટલું મતદાન થયું તેને લઈને આંકડા જારી કરવામાં આવ્યા હતા. ચૂંટણી પંચે આજે જાહેરાત કરી હતી કે, વલસાડમાં સૌથી વધારે ૭૫.૬૧ ટકા મતદાન થયું છે જ્યારે સૌથી ઓછુ મતદાન પોરબંદર, સુરેન્દ્રનગર, કચ્છમાં નોંધાયું છે. રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં ૬૦ ટકાથી વધુ મતદાન થયું છે પરંતુ ગરમીના કારણે કેટલીક જગ્યાએ મતદાન ઉપર માઠી અસર થઈ હોવાનું જાણવા મળ્યું છે. સમગ્ર ગુજરાતમાં લોકસભાની ૨૬ સીટ પૈકી મતદાનની ટકાવારી ૬૪.૧૧ ટકા રહી છે. મતદાનની આ ટકાવારીને જાણકાર લોકો ખુબ યોગ્ય ગણાવી રહ્યા છે. એકબાજુ જ્યાં ઉંચુ મતદાન થયું છે ત્યાં પણ આંકડાઓને લઈને દુવિધા હતી જે આજે દૂર કરવામાં આવી હતી. સૌથી વધારે મતદાન વલસાડમાં ૭૫.૨૧ ટકા થયું છે. ૭૦ ટકાથી વધુ મતદાન જ્યાં થયું છે તેમાં છોટાઉદેપુર, ભરુચ, બારડોલનો સમાવેશ થાય છે. આ તમામ બેઠકો પર રાજકીય પક્ષો દ્વારા જીતના દાવા કરવામાં આવ્યા છે. ગઈકાલે મતદાનની સાથે જ લોકસભાની ૨૬ બેઠકોના ૩૭૧ ઉમેદવારો અને વિધાનસભાની ચાર બેઠકોના ૪૫ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં કેદ થયા હતા. સમગ્ર મતદાન દરમ્યાન ભાજપ અને કોંગ્રેસ સહિતના રાજકીય

● અનુસંધાન પાના - ૭ પર

### ક્યાં કેટલું મતદાન

| | | | |
|---|---|---|---|
| કચ્છ | ૫૮.૨૨ | અમરેલી | ૫૫.૭૫ |
| બનાસકાંઠા | ૬૪.૬૯ | ભાવનગર | ૫૮.૪૧ |
| પાટણ | ૬૧.૯૮ | આણંદ | ૬૬.૬૯ |
| મહેસાણા | ૬૫.૩૭ | ખેડા | ૬૦.૬૮ |
| સાબરકાંઠા | ૬૭.૨૪ | પંચમહાલ | ૬૧.૭૩ |
| ગાંધીનગર | ૬૫.૫૭ | દાહોદ | ૬૬.૧૮ |
| અમદાવાદ (પૂ.) | ૬૧.૩૨ | વડોદરા | ૬૭.૮૬ |
| અમદાવાદ (પ.) | ૬૦.૩૭ | છોટાઉદેપુર | ૭૩.૪૪ |
| સુરેન્દ્રનગર | ૫૭.૮૫ | ભરુચ | ૭૩.૨૧ |
| રાજકોટ | ૬૩.૧૫ | બારડોલી | ૭૩.૫૭ |
| પોરબંદર | ૫૬.૬૯ | સુરત | ૬૪.૪૧ |
| જામનગર | ૬૦.૭૦ | નવસારી | ૬૬.૧૦ |
| જુનાગઢ | ૬૦.૭૪ | વલસાડ | ૭૫.૨૧ |

# કોંગ્રેસ કરતા ભાજપના વધુ ઉમેદવારો જંગમાં

## ચૂંટણી રાજનીતિમાં નવા પ્રકરણની શરૂઆત થઇ : ભાજપ રાષ્ટ્રીય સ્તર ઉપર કોંગ્રેસ કરતા મોટી પાર્ટી બની આ વખતે કોંગીના ૪૨૩ અને ભાજપના ૪૩૭ ઉમેદવાર

નવી દિલ્હી, તા. ૨૪

ભારતીય રાજનીતિના બદલાઈ રહેલા દોરના સંકેત પણ મળવા લાગ્યા છે. ભારતીય જનતા પાર્ટી પ્રથમ વખત લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસ કરતા વધારે સીટ ઉપર ચૂંટણી મેદાનમાં છે. આ પહેલા ૨૦૧૪માં ભારતીય જનતા પાર્ટીએ પોતાના ઈતિહાસમાં સૌથી વધારે લોકસભાની સીટો જીતી હતી અને કોંગ્રેસ પાર્ટીનો દેખાવ તેના ઈતિહાસમાં સૌથી નબળો રહ્યો હતો અને માત્ર ૪૪ સીટ મળી હતી. એક સમયે ભારતીય જનતા પાર્ટીને ઉત્તર ભારતની પાર્ટી તરીકે ગણવામાં આવતી હતી પરંતુ હવે સમગ્ર દેશમાં ભારતીય જનતા પાર્ટીનું નેટવર્ક ફેલાઈ રહ્યું છે. કોંગ્રેસ ગઠબંધનના ચક્કરમાં ઓછી સીટો ઉપર મેદાનમાં છે. આ વખતે કોંગ્રેસે ૪૨૩ સીટો ઉપર ઉમેદવાર ઉતાર્યા છે જ્યારે ભાજપે ૪૩૭ સીટો ઉપર ઉમેદવાર ઉતાર્યા છે. ઉત્તરપ્રદેશમાં હજુ પણ કેટલીક સીટો ઉમેદવારની જાહેરાત કરવામાં આવનાર છે પરંતુ ત્યારબા પણ તે ભાજપથી આગળ રહેશે નહીં. રાજકીય નિષ્ણાતોના કહેવા મુજબ આ ઐતિહાસિક તક છે. કારણ કે, કોંગ્રેસને સ્વતંત્રતા બાદ સૌથી મોટા રાષ્ટ્રીય પક્ષ તરીકે જોવામાં આવે છે. જ્યારે ભારતમાં ભાજપની છાપ તેના કરતા ઓછી રહી છે. ભાજપે વાજપેયીના નેતૃત્વમાં ૧૯૯૮-૯૯માં કેન્દ્રમાં સત્તા મેળવી હતી પરંતુ ૨૦૧૪ની જીત બાદ તેને રાષ્ટ્રીય સ્તર પર જોરદાર દેખાવ કરવાની તક મળી છે. એકબાજુ તેને ૨૮૨ સીટ પર જીત મળી છે જ્યારે કોંગ્રેસને માત્ર ૪૪ સીટ પર જીત મળી છે. કોંગ્રેસ પાર્ટીને મુખ્ય વિરોધ પક્ષનો દરજ્જો પણ મળી શક્યો નથી. કોંગ્રેસનું કહેવું છે કે, ગઠબંધનના લીધે ઓછી સીટ ઉપર તેમની પાર્ટી મેદાનમાં ઉતરી છે. તેમની નબળાઈ કરતા ગઠબંધનની રણનીતિ વધારે મહત્વની છે. ઘણી સીટો સાથી પક્ષોને આપી છે જેના લીધે તેમની સીટોની સંખ્યા ઘટી છે. ૨૦૧૪માં કોંગ્રેસને ૪૪ સીટો મળી હતી પરંતુ તેના ઉમેદવારો વધારે હતા તે વખતે કોંગ્રેસે ૪૬૪ ઉમેદવાર ઉતાર્યા હતા જ્યારે ભાજપે ૪૨૮ ઉમેદવાર ઉતાર્યા હતા. ૨૦૦૯માં ભાજપે ૪૩૩ અને કોંગ્રેસે ૪૪૦ સીટો પર ઉમેદવારો ઉતાર્યા હતા.

### સાધ્વી પ્રજ્ઞા ઠાકુર સામે ખટલો ચલાવવા પુરાવા નથી : એનઆઇએ

નવી દિલ્હી,તા. ૨૪

લોકસભાની ચૂંટણી લડવાથી માલેગાવ બ્લાસ્ટના આરોપી પ્રજ્ઞા ઠાકુરને રોકવા માટેની માંગ કરતી અરજી પર જવાબ આપતા તપાસ સંસ્થા એનઆઈએ દ્વારા કહેવામાં આવ્યુ છે કે વર્ષ ૨૦૧૬ની પુરક ચાર્જશીટમાં સાફ શબ્દોમાં કહેવામાં આવ્યુ છે કે પ્રજ્ઞાની સામે ખટલો ચલાવી શકાય તેવા પુરાવા મળ્યા નથી.

પોતાના જવાબમાં પ્રજ્ઞા ઠાકુરે કહ્યું છે કે, કાયદામાં એવી કોઈ જોગવાઈ કરવામાં આવી નથી જેમાં તેમને ચૂંટણી લડવાથી રોકી શકાય. તેમની સામે કરવામાં આવેલી અરજીને બનાવટી ગણાવી હતી અને પ્રજ્ઞાએ કહ્યું હતું કે આ અરજી લોકપ્રિયતા લેવા માટે કરાઈ છે.

# સુપ્રીમના મુખ્ય ન્યાયધીશ પર આક્ષેપ મામલે જડ સુધી પહોંચવા નિર્ણય

## સનસનાટીપૂર્ણ દાવામાં સુપ્રીમ ઉંડી તપાસ કરશે : આજે એક એફિડેવિટ દાખલ કરવા માટે સમગ્ર મામલામાં કાવતરાનો દાવો કરનારા વકીલને કરાયેલો સ્પષ્ટ આદેશ

નવી દિલ્હી, તા. ૨૪

મુખ્ય ન્યાયાધીશ રંજન ગોગોઈ ઉપર મુકવામાં આવેલા જાતિય સતામણીના આરોપને લઈને કાવતરાનો મુદ્દો સપાટી ઉપર આવ્યો છે. રંજન ગોગોઈ પર મુકવામાં આવેલા જાતિય સતામણીના આરોપને કથિતરીતે કાવતરા તરીકે ગણાવવામાં આવ્યા બાદ આ મામલાની સુપ્રીમ કોર્ટે પૂર્ણરીતે તપાસ કરવનો નિર્ણય કર્યો છે. સુપ્રીમ કોર્ટે સાફ શબ્દોમાં કહ્યું છે કે, આવા કાવતરા અને સનસનાટીપૂર્ણ દાવામાં ઉંડી તપાસ થશે. જો ફિક્સર પોતાના હિસાબથી ન્યાયપાલિકાની સાથે છેડછાડ કરતા રહે છે તો આ સંસ્થા અને અમારામાંથી કોઈ વ્યક્તિ બચી શકશે. સીજેઆઈ ઉપર આરોપના કાવતરામાં તપાસ કરવામાં આવશે. જસ્ટિસ અરુણ મિશ્રા, જસ્ટિસ આરએફ નરિમન, દિપક ગુપ્તાની બેંચે આની સાથે સાથે સમગ્ર મામલામાં કાવતરાના દાવા કરનાર વકીલ ઉત્સવસિંહને ગુરુવાર સુધી એક એફિડેવિટ દાખલ કરવા માટે આદેશ કર્યો છે. બુધવારના દિવસે સુનાવણી દરમિયાન દાવો કરાયો હતો કે, તેમની પાસે આ કાવતરાને સાબિત કરવા માટે અન્ય નક્કર પુરાવા પણ છે ત્યારબાદ કોર્ટે આના માટે એફિડેવિટ દાખલ કરવા માટે કહ્યું છે. આ સમગ્ર મામલામાં આવતીકાલે સુનાવણી કરવામાં આવનાર છે. જજનું કહેવું છે કે, આમા તપાસ કરવામાં આવશે. દાવાના જડ સુધી પહોંચવાના પ્રયાસ કરાશે. દાવામાં કહેવામાં આવ્યું છે કે, કેટલાક ફિક્સર ન્યાયપાલિકાની છાપને ખરાબ કરવા અને તેની સાથે ચેડા કરવાના પ્રયાસ કરી રહ્યા છે. જો આવા લોકો પોતાનું કામ કરતા રહે છે તો અમારામાંથ કોઈપણ બચી શકશે નહીં. સિસ્ટમમાં ફિક્સિંગની કોઈપણ પ્રકારની ભૂમિકા નથી. અમે આની તપાસ કરીશું. સુપ્રીમ કોર્ટે એમ

● અનુસંધાન પાના - ૭ પર

# મમતા બેનર્જીનો રાજકીય દબદબો હવે પૂરો થઈ રહ્યો છે : નરેન્દ્ર મોદી

## મમતા બેનર્જીનું સિન્ડિકેટ સિંહાસન હચમચી ઉઠતા અડચણો ઉભી કરવામાં આવી રહી છે : તેમની વિદેશી યાત્રાઓના પરિણામે દુનિયામાં ભારતનો ડંકો

બોલપુર, તા. ૨૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે પશ્ચિમ બંગાળમાં ચૂંટણી પ્રચારમાં વ્યસ્ત રહ્યા હતા. મમતા બેનર્જીના ગઢમાં આયોજિત રેલીમાં મોદીએ ફરીવાર સ્પીડ બ્રેકર દીદીનો ઉલ્લેખ કરીને આકરા પ્રહાર કર્યા હતા. સાથે સાથે આ ચૂંટણીમાં તેમના શાસનના ખાત્માની પણ જાહેરાત કરી હતી. પશ્ચિમ બંગાળમાં વીરભૂમ જિલ્લાના બોલપુરમાં એક ચૂંટણી રેલીને મોદી સંબોધી રહ્યા હતા. આરેલીમાં મોદીએ કહ્યું હતું કે, પશ્ચિમ બંગાળમાં મમતા બેનર્જીના સૂર્યાસ્તની શરૂઆત થઈ ચુકી છે. મતદાનના પ્રથમ ત્રણ તબક્કાથી આ બાબત સ્પષ્ટ થઈ ચુકી છે. મોદીએ નારો આપતા કહ્યું હતું કે, બંગાળમાં દરેક લોકો કહી રહ્યા છે કે, સિન્ડિકેટનું સિંહાસન હચમચી ઉઠ્યું છે. દીદીને સમજાઈ ગયું છે કે તેઓ જેટલી મુશ્કેલી ઉભી કરશે તેટલો જ ફાયદો ભાજપને વધારે થશે. રવિન્દ્રનાથ ટાગોરનો ઉલ્લેખ કરતા મોદીએ કહ્યું હતું કે, ગુરુદેવે

● અનુસંધાન પાના - ૭ પર



# કોલંબોમાં ફરી સવોય સિનેમા પાસે બોમ્બ બ્લાસ્ટ

## વિસ્ફોટક મોટર સાયકલમાં મૂક્યો હતો

કોલંબો,તા.૨૪

શ્રીલંકાના કોલંબોમાં સવોય સિનેમા પાસે બુધવારે સવારે વધુ એક બોમ્બ બ્લાસ્ટ થયો. વિસ્ફોટક મોટરસાયકલમાં રાખેલો હતો. જોકે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ હોવાની જાણકારી મળી નથી. શ્રીલંકામાં રવિવારે ઈસ્ટરના દિવસે થયેલા આત્મઘાતી હુમલા અને સીરીયલ બ્લાસ્ટમાં મરનારની સંખ્યા ૩૫૯ થઈ ગઈ છે. પોલીસ પ્રવક્તા રૂવાન ગુનસેકેરાએ જણાવ્યુ કે મોટા પાયે શોધખોળ થઈ અને મંગળવારે કેટલાક લોકોની ધરપકડ પણ કરવામાં આવી. ઈસ્લામિક સ્ટેટે દ્વીપ રાષ્ટ્રમાં થયેલા આ ઘાતક હુમલાની જવાબદારી લીધી અને હુમલાને અંજામ આપનાર આત્મઘાતીઓની ઓળખ પણ કરી છે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

# મોદીએ ૧૫ લાખ ન આપ્યા પરંતુ અમે ફટાફટ આપીશું : રાહુલ ગાંધી

## કાનપુર અને ઉન્નાવમાં રાહુલે ખાતરી આપી : રાફેલ તેમજ ફરાર ઉદ્યોગપતિઓના બહાને મોદી ઉપર રાહુલે ગંભીર આક્ષેપો કર્યા : ૭૨૦૦૦નું ફરીથી વચન

કાનપુર, તા. ૨૪

ચૂંટણી પ્રચારમાં કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી પણ આજે વ્યસ્ત રહ્યા હતા. ગાંધી આજે કાનપુરમાં અને ઉન્નાવમાં ચૂંટણી પ્રચાર માટે પહોંચ્યા હતા. રાહુલે રાફેલ અને ફરાર થયેલા ઉદ્યોગપતિઓના બહાને મોદી ઉપર આક્ષેપ કર્યા હતા. રાહુલે એવું વચન પણ આપ્યું હતું કે, જો કોંગ્રેસની સરકાર આવશે તો તેઓ ભ્રષ્ટ ઉદ્યોગપતિઓના ખાતામાંથી પૈસા ઉપાડીને ગરીબ, મજુરો અને ખેડૂતોને આપી દેશે. કાનપુરમાં એક ચૂંટણી રેલી દરમિયાન રાહુલ આક્રમક દેખાયા હતા. કાર્યકરોમાં ઉત્સાહ ભરતા રાહુલે કહ્યું હતું કે, મોદી હવે આંખ મિલાવવાની સ્થિતિમાં નથી. કોંગ્રેસના કાર્યકરો લડાયક દેખાઈ રહ્યા છે. આ પહેલા રાહુલ ગાંધીએ ઉન્નાવમાં



ચૂંટણી રેલી પણ યોજી હતી. આ ગાળા દરમિયાન રાહુલે ફરી એકવાર ચોકીદાર ચોર હૈનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, આ ચોકીદાર પાંચ વર્ષમાં ચોર કઈ રીતે બની ગયા, આ તમામ બાબત કઈરીતે બની તે સમજી શકાય છે. પહેલા ૫૬ ઈંચની છાતીની વાત થતી હતી. ચોકીદાર બનાવવની વાત કરી રહ્યા હતા. બે કરોડ યુવાનોને રોજગારી અને ૧૫ લાખ રૂપિયા બેંક ખાતામાં મુકવાની વાત કરી રહ્યા હતા પરંતુ કોઈના ખાતામાં પાંચ રૂપિયા પણ આવી શક્યા નથી.

રાહુલે પ્રશ્ન કરતા કહ્યું હતું કે, છેલ્લા પાંચ વર્ષના ગાળામાં જ્યારે કોઈ વચન પુરા થયા નથી તો છેલ્લા પાંચ વર્ષમાં કયા કામ કરવામાં આવ્યા છે. કોંગ્રેસ પાર્ટી સત્તામાં આવશે તો ૭૨૦૦૦ રૂપિયા બેંક ખાતામાં મુકવામાં આવશે. સાથે સાથે દર મહિને ૧૨૦૦૦ રૂપિયાથી વધારેની રકમ કોઈને ન મળે ત્યાં સુધી ન્યાય યોજના મારફતે બેંક ખાતામાં રકમ જમા કરવામાં આવશે. ૧૨૦૦૦ રૂપિયાથી ઓછી આવક છે તો ન્યાય યોજનાના પૈસા પણ બેંક ખાતાઓમાં પહોંચશે.




ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧